# શ્રી ગુરૂમહારાજ કી જય

## વાર્ષિક જન્મોત્સવ

(વૈશાખ સુદ પાંચમ)

(મુખડાની માયા લાગી રે મોહન તારા એ રાગ.)

જય ગુરૂ જય દેવારે કરીએ સેવા,
વિરમગામથી આવ્યા, ઘંટી ટેકરે સીધાવ્યા;
ત્યાંથી નવતાડે આવ્યારે, ગુરૂજી દેવા. જય ૦

નવતાડે ગુરૂ આવી, લીંબડે આસન બીછાવી;
કીરપા ઘણી તો લાવીરે, કરીએ સેવા જય ૦

લીંબતળે ગુરૂ બેઠા, લીંબડાળા ત્રણ દીઠાં;
હિંચવા એક ડાળે બેઠારે, ગુરૂજી દેવા. જય૦

બેઠા હીંચવા જે ડાળે, મીઠું તો થયું તે કાળે;
ગુરૂ ગુણ કોણ ભાળેરે, નમીએ દેવા, જય ૦

હર્ષ ઉરમાં તે વાધ્યો, વિશ્વકર્મા આરાધ્યો;
મહેલ અજાયબ બાંધ્યારે, કરીએ સેવા. જય ૦

બંગલામાં વાસ કરી, હથીઆરો હાથે ધરી;
ગાડીમાં સવારી કરિરે, ફરે છે દેવા. જય ૦

વરસાદ નવ આવ્યો, દુનિયાને શોક લાવ્યો;
હુકમ એવો ફરમાવ્યો રે, ઉજાણી દેવા. જય ૦

મેઘ ઉજાણીથી પણ, વરસાદ ન આવ્યો કણ;
ગુરૂજીને થયું મનરે, ડંકો તો દેવા. જય ૦

ગુરૂજીના ડંકાથી, ઉજાણી ગયા શંકાથી;
ઓચીંતા વાદળમાંથીરે, પડ્યાં છે ફોરાં. જય ૦

હરખાઇ ઉઠ્યા લોક, સૌના શમ્યા છે શોક;
આવ્યા લોક થોકા થોકરે, દર્શન કરવા. જય ૦

વાતતો સઘળે ફેલાણી, ગુરૂથી આવ્યું છે પાણી;
કલેક્ટરે વાત જાણી રે, બોલાવ્યા દેવા. જય ૦

કલેક્ટરે ધાર્યું એવું, ગુરૂજીને ઝેર દેવું;
જોઇએ સતતો છે કેવું રે, બોલાવ્યા દેવા. જય ૦

કલેક્ટરની પાસે આવ્યા, ગુરૂ કહે શાને તેડાવ્યા;
ઝેરના શીશા બતાવ્યા રે, પીઓને દેવા. જય ૦

ઝેર પી બંગલે આવ્યા, ગુરૂભાઇ મળવાને આવ્યા;
હેતથી હસી બોલાવ્યા રે, ખાધા છે મેવાં. જય ૦

ગુરૂ કહે શુણ હીરા, ઝેર ક્યાં પીધું છે વીરા;
કાંઇ થાશે નહીં વીરારે, કરોને સેવા. જય ૦

રાજારામની તો વહુ, સદા સદા કહેતા સહુ;
તેની વાત એક કહુરે, જોઇએ દેવા. જય ૦

સદા ચીત આશ ધરે, પીપળાને ફેરાફરે;
પીપળો શું તેને ફળે રે, જુવે છે દેવા. જય ૦

ગુરૂજીને દયા આવી, સદાને પાસે બોલાવી;
પીપળેથી શું તું લાવી રે, પુછે છે દેવા. જય ૦

શરમાઇ દીલસાથ, સદાએ જોડ્યા બે હાથ,
આપો પુત્ર છું અનાથરે, ગુરૂજી દેવા. જય ૦

ગુરૂજીને આવી દયા, સદા પર પ્રસન્ન થયા;
પુત્ર આપી રાજી થયા રે, ગુરૂજી દેવા. જય ૦

ગુરૂ કહે પુત્રનું નામ, રાખજે હીંમતરામ;
તેથી સરસે તારૂ કામ રે, કહે છે દેવા. જય ૦

સારા કામ ઘણાં કર્યા, લોકોને રાજી કર્યા;
દુઃખીઓના દુઃખ હર્યા રે, ગુરૂજી દેવા. જય ૦

ગુરૂજીએ દેહ મુકી, રૂપાને પાછળ મુકી;
વાડજ ખબર પુછીરે, ક્યાં ચાલ્યા દેવા. જય ૦

ગુરૂ કહે શુણ ભાઈ, આવું છું હું અહીં જાઈ;
રૂપાને કહે, જે વધાઈ રે, મળ્યાતા દેવા. જય ૦

દેવીઓનો કોપ થાય, ત્રાહે ત્રાહે સર્વ થાએ;
ગુરૂ પાસે ન અવાયરે, કરીએ સેવા. જય ૦

કહે પ્રાણ અલ્પ વાણી, ગુરૂ કળા ન કળાણી;
હરો દુઃખદીન જાણીરે, ગુરૂજી દેવા. જય ૦